સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# ‘રક્ષાબંધન’ ભાઈબહેનના સગપણનો પવિત્ર તહેવાર

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

ભારતીય ધર્મ, સંસ્કૃતિ, સંસ્કાર, તહેવારો ઉત્સવોની ઉજવણી અખંડ ભારતમાં થાય છે. આપણા ચાર વેદોનું જ્ઞાન, મહત્ત્વ ચારે દિશાઓમાં પ્રસારિત છે. તે એક જ એકમેવ અને મનુષ્ય જાતિને હિતકારક અને કલ્યાણકારી છે. ચાર વેદો અને ભાષાઓમાં અનેક લિપિઓમાં પ્રસિદ્ધ થયા છે પણ વેદોનું તત્ત્વ, મહત્ત્વ અને સ્વત્વ મૂળ સ્વરૂપ એક જ છે. તે બધા જ વેદ વિષારદો, વિદ્વાનો માન્ય કરે છે એટલે જ ભારતીય સંસ્કૃતિ વિશ્વમાન્ય થઈ છે અને ભારતીય તહેવારો વિશ્વમાં આપણી પદ્ધતિ પ્રમાણે ઉજવાય છે. એ જ ભારતનું ગૌરવ છે.

શ્રાવણ સુદ પૂનમ અટલે નારિયેળી પૂર્ણિમા એટલે તિથિનુસાર રક્ષાબંધનનો ભાઈબહેનના પવિત્ર પ્રેમનો ઉજ્જવળ તહેવાર. લગ્નબંધન પછી પ્રાપ્ત થયેલ સ્ત્રી જે મનુષ્યના જીવનમાં પત્નીરૂપે દાખલ થાય છે. તે સ્ત્રી પુરુષની જીવનસંગિની બને છે અને વંશવૃદ્ધિમાં સુખદ સહકાર આપે છે અને પુરુષ વચનબદ્ધ બને છે કે પત્ની સિવાયની વિશ્વની સ્ત્રી મને માતારૂપ, બહેનરૂપ છે અને સ્ત્રીનું સર્વપ્રકારે રક્ષણ કરવું મારું કર્તવ્ય છે, સ્ત્રી શક્તિ દેવી છે, માતા અને બહેન છે.

શ્રાવણ સુદ પૂનમના દિવસે અપરાન્હ કાળમાં એટલે બપોર પછી કે સૂર્ય આથમ્યા પછી રેશમના સૂતરથી બનાવેલ ‘રાખડી’ પોતાના ભાઈના જમણા હાથના કાંડા પર બાંધવાની હોય છે. રાખડી અનેક આકારની, પ્રકારની, રંગબેરંગી હોઈ શકે છે. ધાતુમાં ચાંદી, સોનાની, મોતી, હીરા, જરઝવેરાતની પણ બનાવી શકાય છે પણ રાખડી બાંધવાનો મૂળ હેતુ અને મહત્ત્વ ધ્યાનમાં રહેવું જોઈએ. સમય બાબતે પણ પૂનમના દિવસે, દિવસ દરમ્યાન બહેન રાખડી બાંધીને ભાઈનું મુખ મીઠાઈથી મધુર બનાવે અને ભાઈ



બહેનના રક્ષણની જવાબદારી સ્મિત વદને સ્વીકારે, બહેનને યથાશક્તિ વસ્ત્રાલંકાર આપે, ભાણેજ, ભાણીને સત્કારે અને બનેવી સાથે હસ્તાંદોલન કરે એ જ તહેવારનું મહત્ત્વ છે. બે પરિવારનું સૌખ્ય મિલન આ તહેવારે થાય છે.

રાખડી લાવ્યા પછી સવારે સ્નાન કર્યા પછી દેવપૂજન સાથે રાખડીનું પણ પૂજન કરવું, શાસ્ત્ર સંકેત છે. તેથી રાખડી મંત્રશુદ્ધ અને પવિત્ર બની જાય છે. રાખડી રક્ષણની અદશ્ય શક્તિ છે.

પ્રાચીન વેદકાળથી રક્ષાબંધન સૂત્ર બાંધવાની પરંપરા છે. એક સમયે બલાઢય રાક્ષસ સાથે વજ્ર શસ્ત્ર લઈને યુદ્ધમાં જતાં પહેલાં વીર ઈન્દ્રના બાહુ- કાંડા પર ઈન્દ્રનાં પત્નીએ રક્ષાસૂત્ર બાંધીને ઈન્દ્રને વિજય મળે માટે પ્રાર્થના કરી હતી અને ઈન્દ્ર વિજયી થયા હતા. બહેન સુભદ્રાએ ભાઈ કૃષ્ણ અને બલરામને રક્ષાસૂત્ર રાખડી બાંધવાનો ઉલ્લેખ મળે છે.

બહેને ભાઈને રાખડી બાંધ્યા પછી દીવડીમાં તેલની જ્યોતિ પ્રગટાવીને પ્રથમ ઘરના દેવોની આરતી ઉતારીને ભાઈના કપાળે કંકુનો તિલક કરીને અક્ષતના ચોખા કપાળે લગાડીને ભાઈની પણ આરતી ઉતારવાની હોય છે, જેને ‘ઔક્ષણ’ વિધિ કહેવામાં આવે છે.

રક્ષાબંધનનું રક્ષાસૂત્ર રેશમની રાખડી ભાઈના કાંડા પર બાંધવાની પરંપરા સમગ્ર ભારતમાં પ્રચલિત છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન આદિ પ્રાંતોમાં રાખડી તહેવાર વિશેષરૂપે ઉજવાતા હોય છે. યુદ્ધમાં જનારો સૈનિક રક્ષાસૂત્ર બાંધીને જાય છે.

આ તહેવારે સ્ત્રીઓ બહેનો વિશેષરૂપે ઉજવણી કરે છે. સગો ભાઈ ના હોય તો ચંદ્રમાની આરતી ઉતારે છે. માનેલા ભાઈને રક્ષાસૂત્ર બાંધે છે અને જો પોતાની બહેન ના હોય તો મિત્રની બહેનને બહેન માનીને તેને ભેટસોગાદો આપે છે.

સમાજમાં સ્ત્રીશક્તિની પૂજારૂપે પણ આ તહેવાર મહત્ત્વનો છે. પુરુષ વર્ગ પરસ્ત્રીને બહેન માનીને વ્યવહાર કરે તો સમાજમાં જે સ્ત્રી શરીર શોષણનું ગંભીર ગુનાહિત કામ બને છે તેનો સંપૂર્ણ નાશ થશે અને બહેનો સુરક્ષિત રહેશે. વ્યભિચાર, બળાત્કાર જેવાં નીચ કૃત્યોનો નાશ થશે અને સર્વત્ર સ્ત્રીસમાજ સુરક્ષિત થશે સુખી થશે.

રક્ષાબંધન આપણો એક સામાજિક તહેવાર જ નહીં પણ એક સમાજ ક્રાંતિ ઉત્સવ છે. પુરુષો અને સ્ત્રીઓ મનમાં શુદ્ધ વિચારો રાખે અને સ્ત્રી પરત્વે સુમંગલ ભાવ, ભાવના રાખે તો સ્ત્રીવર્ગ સુરક્ષિત રહેશે એવી મહા શક્તિ રક્ષાબંધનના ભાઈ-બહેનના સતવૃત્તિ તહેવારમાં છે જેની ઉજવણીમાં પાવિત્ર્ય, સાત્ત્વિકતા અને ધાર્મિકતાનો પવિત્ર સંગમ છે. તહેવારો સમાજ માટે ઉપકારક છે. શુદ્ધ સાત્ત્વિક પવિત્ર વિચારોના અમૂલ્ય સ્ત્રોત છે.

> પુરુષ વર્ગ પરસ્ત્રીને બહેન માનીને વ્યવહાર કરે તો સમાજમાં જે સ્ત્રી શરીર શોષણનું ગંભીર ગુનાહિત કામ બને છે તેનો સંપૂર્ણ નાશ થશે અને બહેનો સુરક્ષિત રહેશે

# માનસી સેવા

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

આજે મારે વાત કરવી છે માનસી સેવાની. પૂ. ગુરુદેવ પુષ્ટિ સંપ્રદાયની વાત કરે ત્યારે કેટલાક ખાસ શબ્દોના પ્રયોગની વાત કરે જે દિલને સ્પર્શે. ઠાકોરજીની સ્વરૂપ સેવા. સેવા સ્નેહવશ થાય. મૂર્તિ નહીં સ્વરૂપ, ઈચ્છા નહીં મનોરથ, ઠાકોરજીના શૃંગાર માટે મીણનો ઉપયોગ થાય તેને ‘લગાવ’ કહે. ઠાકોરજીની સેવામાં જે વપરાય તેને માટે માનાર્થે ‘જી’ લાગે. દા.ત. ઝારીજી, બંટાજી, લોટીજી, ઝાપટીયાજી, તુલસીજી, મુખિયાજી. મારે વાત કરવી છે માનસી સેવાની પણ ત્યાં સુધી પહોંચવા બે પગથિયાં પહેલાં પાર કરવા પડે એ છે તનુજા સેવા અને વિત્તજા સેવા. તનુજા એટલે તનથી, શરીરથી થતી સેવા. હાથ વડે ઠાકોરજીની ભોગ સામગ્રી બનાવવી, આરોગાવવી, માળા ગૂંથવી, ભગવાનની સેવા માટે શરીરનાં અંગોનો ઉપયોગ કરવો મતલબ તનુજા સેવા. હવે વિત્તજા સેવા એટલે વિત્ત અર્થાત્ પૈસા. ઠાકોરજી માટે વસ્ત્રો ખરીદવાં, ઠાકોરજીના શૃંગાર માટે વસ્તુ ખરીદવી એને વિત્તજા સેવા કહેવાય. પૂ. દ્વારકેશલાલજી મહોદય કહે છે કે પહેલાં સેવા ક્રિયાત્મક હોય પછી ભાવાત્મક અને પછી હોય રસાત્મક. સેવા એટલે સેવ્યનું સુખ. સેવાના અંગ છે ઉત્સાહ અને અહોભાવ. મનરૂપા સેવા એટલે માનસી સેવા. જેમ સોયમાં દોરો પરોવીએ ત્યારે આંખ ભલે ને ગમે તેટલી સારી હોય પણ ચિત્ત એકાગ્ર ન હોય તો ન પરોવાય તેમ જ્યાં સુધી ચિત્ત પ્રભુમાં ન પરોવાય ત્યાં સુધી એ સેવા ફલરૂપા નથી. સેવા કરો ત્યારે તમે ઘેર છો એમ નહીં પણ નંદાલયમાં છો એવો ભાવ કરો. મન અખંડરૂપે ભગવદ સેવામાં લાગી જાય. એ માનસી સેવા. એ કરાય નહીં ત્યાં પહોંચાય. તનુજા અને વિત્તજા દ્વારા ત્યાં પહોંચાય. પ્રભુ માનસીનું દાન કરે. એ પહેલાં દેહની અહંતા પ્રભુને સમર્પિત કરવાની અને ધનમાં જે મમતા છે એ પ્રભુને ચરણે. અહંતા ને મમતા ઠાકોરજીને ચરણે ધરવાની. તો માનસી સિધ્ધ થાય. માનસી સેવાનું ફળ શું? સંસારના સમસ્ત દુઃખોની નિવૃત્તિ અને બ્રહ્મનું બોધન. જેમ કોઈનો બાયોડેટા વાંચવાથી તેનો પરિચય ન થાય એને માટે એની સાથે રહેવું પડે તેમ પ્રભુને માથે પધરાવીને તેની સાથે રહેવાનું. તો બ્રહ્મબોધન થાય. શાસ્ત્ર વાંચવાથી બ્રહ્મને જાણી ન શકાય. ભગવાન સાથે રહીએ તેથી સંસારનાં દુઃખો સમાપ્ત થશે. કારણ? એ દુઃખહર્તા છે. અન્ય લોકો મદદ કરી શકે પણ દુઃખ દૂર કરવાનું સામર્થ્ય નથી ધરાવતા. ભગવાન પાસે દુઃખ છે જ નહીં. ભગવાનનો અભાવ એ જ દુઃખ. ભગવાનનું અસ્તિત્વ જ દુઃખનો નાશ કરે. મારે માથે ભગવાન છે, મારી સાથે ભગવાન છે એ ભાવ જ સમસ્ત દુઃખનું નિવારણ કરે. હવે મૂળ વાત પર આવીએ. માનસી સેવા માટેનું દૃષ્ટાંત પૂ. ગુરુદેવ દ્વારા સમજીએ. એક શેઠ હતા. લોભી પણ સત્સંગી. સત્સંગમાં નિત્ય હાજરી આપે. પુષ્કળ ધનસંપત્તિ પણ ખર્ચી ન શકે. એક દિવસ મહાત્માએ કહ્યું, ‘‘શેઠજી, ભગવાને આપને ખૂબ સંપત્તિ આપી છે. સદુપયોગ કરો.’’ શેઠ કહે,



‘‘શું કરું?’’ મહાત્મા કહે ઉપાય બતાવું. શેઠ કહે પૈસા ખર્ચવાના હોય તો રહેવા દેજો. મહાત્મા કહે એક પણ પૈસો ખર્ચવો ન પડે તેવો ઉપાય બતાવું. શેઠ કહે તો બતાવો. મહાત્માએ કહ્યું તું ઠાકોરજીની માનસી સેવા કર. એમાં ફક્ત સંકલ્પ જ કરવાના હોય. શેઠ કહે વળી પાછી પૂજા. પૂજામાં તો દીવો કરવો પડે. એમાં ઘી બળે. ફળનું નૈવેદ ધરાવવું પડે. પૈસા ખર્ચવા પડે એ મારાથી ન થાય. મહાત્મા કહે અરે હું તને માનસી પૂજા કરવાનું કહું છું. પૈસા વગરની પૂજા. આ પૂજામાં કશું ધરવાનું નહીં. તારે નાહીધોઈને આંખ બંધ કરવાની, મનથી એવો સંકલ્પ કરવાનો કે તારી સામે ઠાકોરજીની મૂર્તિ છે. મનથી પાણીથી સ્નાન કરાવવાનું પછી વસ્ત્રથી ભગવાનનાં અંગો લૂછવાનાં. આ બધું મનથી કરવાનું. ભગવાનને ઉત્તમોત્તમ વાઘા પહેરાવવાનાં. શેઠ કહે, ના પૈસા બહુ થાય. મહાત્મા કહે, અરે, મનથી પહેરાવવાના છે, પૈસા ક્યાં ખર્ચવાના છે તો સારામાં સારા ન પહેરાવીએ? શેઠ કહે, હા એ બરાબર. મહાત્મા કહે, સાચા સોનાના હીરાજડિત દાગીના પહેરાવવાના. મનથી જ કરવાનું છે તો પછી હલકું કેમ લેવું? પછી તુલસીપત્ર ને પુષ્પમાળ અર્પણ કરવાની. પછી મનથી જ નૈવેદ્ય ધરવાનું. બધું જ મનથી. શેઠજી કહે, ઠીક છે એકેય પૈસાનો ખર્ચ નથી એટલે ફાવશે. મહાત્મા કહે તો ચાલુ કરી દે. 1 મહિનો, 2 મહિના, છ મહિના શેઠે સતત માનસી પૂજા કરી. માનસી પૂજા શ્રેષ્ઠ છે કારણ કે એમાં મનથી જ પૂજા કરવાની એટલે મન તો ત્યાં જ હોવું જોઈએ. ભગવાન મન તો માંગે છે. ધીરે ધીરે શેઠનું મન એકાગ્ર થવા લાગ્યું.

મહિના પછી તો એને આનંદ આવવા લાગ્યો. ફાવી ગયું. પૈસા ખર્ચવાના નથી, પૂજા થોડી વધારે ચાલે તો ય શું. હવે એક વાર શેઠ મનથી પૂજા કરતા હતા. ભગવાનને મેવામિશ્રિત દૂધ ધર્યું અને સાકર નાંખવા ગયા, મનથી જ થયું કે થોડી સાકર વધારે પડી ગઈ. હવે સ્વભાવ લોભી. મનમાં થયું કે લાવ થોડી સાકર કાઢી લઉં. મનથી જ કાઢવા ગયા ત્યાં સામેથી કૃષ્ણે આવી બાવડું પકડ્યું. રહેવા દે તારા બાપાનું શું જાય છે. ભલે ને વધારે પડી. તારા ઘરની ગઈ છે? લોભિયો નહીં તો! શેઠજીને વિચાર થયો કોણ છે? આંખો ખોલી, નંદનંદને બાવડું પકડેલું કે હવે દૂધમાં હાથ નાખતો નહીં. શેઠજીની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. આજે મારી માનસી પૂજા સિધ્ધ થઈ. માનસીથી ભગવાન મળ્યા!

(ગુરુવર્ય પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)ના સત્સંગને આધારે)

> ભગવાન પાસે દુઃખ છે જ નહીં. ભગવાનનો અભાવ એ જ દુઃખ. ભગવાનનું અસ્તિત્વ જ દુઃખનો નાશ કરે. મારે માથે ભગવાન છે, મારી સાથે ભગવાન છે એ ભાવ જ સમસ્ત દુઃખનું નિવારણ કરે